# સંસ્કૃતિકુંજમાં ૪થી માર્ચથી વસંતોત્સવ

## પંજાબ, મણીપુર, આસામ, કેરળ, મહારાષ્ટ્રના સાંસ્કૃતિક કલાકારને નિમંત્રણ પત્રો અપાયા

શહેરીજનોને આ વર્ષે વસંતોત્સવનું નજરાણું માણવાનો લ્હાવો મળશે. દર વર્ષે ફેબ્રુઆરીમાં વસંતોત્સવની ઉજવણી કરવામાં આવે છે. જે આ વર્ષે ૪ માર્ચથી ૧૪ માર્ચ દરમિયાન વસંતોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા બે વર્ષમાં કોરોના મહામારીને કારણે શહેરીજનોને વસંતોત્સવ માણવા મળ્યો નહોતો પરંતુ કોરોનામાં ઘટાડો થવાના કારણે આ વર્ષે માર્ચ મહિનામાં વસંતોત્સવની ઉજવણી કરવામાં આવશે.



સરિતાઉદ્યાન પાસે 'જ' રોડ ઉપર સેકટર-૯ ખાતે સાબરમતી નદીની કોતરોમાં ૧૨ એકરના વિસ્તારમાં સંસ્કૃતિ કુંજની સ્થાપના થઈ છે. જેમાં દર વર્ષે વસંતોત્સવની ભવ્ય ઉજવણી લાખોની સંખ્યામાં થતી હતી. શહેરમાં આજુબાજુના ગામડાઓ તથા શહેરોમાંથી મોટું મહેરામણ ઉમટી આવે છે. સંસ્કૃતિ કુંજ ખાતેના બેનમૂન એમ્ફી થિયેટર ખાતે વસંતોત્સવ તથા આદિજાતિ મહોત્સવ પ્રતિ વર્ષ ફેબ્રુઆરી મહિનામાં યોજાય છે જેમાં પરંપરાગત ભાતીગળ લોકનૃત્યો, ગુપ્ત થતી કળા, બહુરૂપી કઠપૂતળી, કચ્છી ઘોડી, ભવાઈ જેવા કલાના કલાકારો ભાગ લે છે. પરંપરાગત લોકવાદ્યોના કલાકારો તેમની



સંગીત કલા પીરસે છે તથા સમગ્ર ભારત તેમજ ગુજરાત રાજયના હસ્તકલાના કારીગરો દ્વારા કલા કારીગરીના નમૂનાઓનું પ્રદર્શન કમ વેચાણ કરવામાં આવે છે.

સંસ્કૃતિકુંજ કેમ્પસમાં કાષ્ટ કલાના ઉત્તમ નમૂનારૂપ ૧૫૦ વર્ષ જૂની દોશીવાડાની પોળ અમદાવાદની ઝવેરીની હવેલીનું પુનઃ સ્થાપન કરવામાં આવ્યું છે તેમજ તેમાં ૧૫૦ વર્ષ પૂર્વની જીવનશૈલી દર્શાવતું પૌરાણિક રાચરચીલું તથા વાસણોનું મ્યુઝિયમ પણ ગોઠવવામાં આવ્યું છે.


વસંતોત્સવ એ દેશભરની પારંપારિક સાંસ્કૃતિક સંગીત-નૃત્ય અને કલાની પ્રસ્તુતિનો સુવિખ્યાત મેળો છે. જે ગુજરાતની વૈશ્વિક ઓળખ બની ચુકયો છે. જેમાં ગુજરાતભરના હાથ બનાવટના કલાકારો દ્વારા લાકડું, માટી, વસ્ત્ર, ધાતુ તથા કુદરતી સંશાધનોના ઉપયોગ વડે હાથેથી બનાવેલી હસ્તકલાની ચીજવસ્તુઓની એક આખી બજાર ભરાય છે. આથી પરંપરાગત ચીજવસ્તુઓના શોખીનો માટે ખરીદીનો આહલાદક અવસર પુરો પાડે છે.

વસંતોત્સવમાં ઓરિસ્સાનું ઓડિસી નૃત્ય, છત્તીસગઢનું પંથી નૃત્ય, પંજાબનું ભાંગડા નૃત્ય, ઉત્તર



પ્રદેશનું મયૂર નૃત્ય, આસામનું બીહુ નૃત્ય, મણિપુરનો મણિપુરી રાસ, પશ્ચિમં બગાળના પુરલીયા છાઉ, તામિલનાડુનું ભરતનાટયમ, કેરળનું કથકલી, જમ્મુ કાશ્મીરના રાઉફ અને બચનગમા, ઓરિસ્સાના ગોટીપુઆ નૃત્યો માણવા મળે છે. વસંતોત્સવમાં હસ્તકલાના આશરે ૨૦૦ અને ખાણીપીણીના ૧૦૦ જેટલા સ્ટોલ્સ ઉભા કરવામાં આવે છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



આ તારા કેઈસમાં કુંડળી જોવાની જરૂર જ નથી... કોઈએ વેલેન્ટાઈન વીક દરમિયાન પ્રપોઝ નથી કર્યું. ગુલાબ નથી આપ્યું તો તારા લગ્ન આ વર્ષમાં તો ન જ થાય...!!

# ઈંદ્રોડા ગામમાંથી બે મહિલા બુટલેગર રંગેહાથ ઝડપાયા

## સ્ટેટ મોનીટરીંગની ટીમે દરોડા પાડી ૧૧ હજારના મુદ્દામાલ સાથે કાકી સાસુ અને વહુને ઝડપ્યાં

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના ઈંદ્રોડા ગામે સ્ટેટ મોનીટરીંગ ટીમે દરબાર વાસમાં દરોડો પાડીને બે મહિલા બુટલેગરને દેશી દારૂનો વેપાર કરતા રંગે હાથ ઝડપી લીધા હતા.આ સાથે ટીમે ૬૦૦ લીટર વોશ, ૬૭ લીટર દેશી દારૂની પોટલીઓ, બે મોબાઈલ ફોન મળીને રૂ.૧૧,૪૦૨નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બંને મહિલા બુટલેગરો કાકી સાસુ અને વહુનો સંબંધ ધરાવે છે જેમની સામે ઈન્ફોસિટી પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ગાંધીનગરના ઈંદ્રોડા ગામમાં આવેલ દરબાર વાસમાં બે મહિલા બુટલેગરો દ્વારા ખુલ્લેઆમ દેશી દારૂનો ગોરખધંધો ચલાવવામાં આવતો હોવાની સ્ટેટ મોનીટરીંગ ટીમે સોશિયલ મિડીયાના માધ્યમથી જાણ થઈ ગઈ હતી જેનાં પગલે સ્ટેટ મોનીટરીંગના ડીવાયએસપી જ્યોતિ પટેલના માર્ગદર્શન હેઠળ પીઆઈ આર બી પ્રજાપતિએ સ્ટાફના માણસો સાથે ખોડીયાર માતાના મંદિર પાસે દરબાર વાસમાં દરોડો પાડયો હતો. દરોડા સમયે બંને મહિલા બુટલેગરો ગ્રાહકોને ખુલ્લેઆમ દેશી દારૂની પોટલીઓનું વેચાણ કરતા મળી આવી હતી. જેમની પાસેથી દેશી દારૂની પોટલી મળી આવતાં તેમના ઘરની તલાશી લેવામાં આવી હતી. ત્યારે પતરાનાં શેડની તલાશી લેતાં વધુ દેશી દારૂની પોટલીઓ પણ મળી આવી હતી.

સ્ટેટ મોનીટરીંગની ટીમે સર્ચ કરતાં દેશી દારૂ ગાળવા માટેનો વોશ ભરેલ ૬ નંગ પીપ પણ હાથ લાગ્યા હતા. આ સાથે ઈન્ફોસિટી પોલીસે મહિલા બુટલેગરોની પૂછતાછ શરૂ કરતાં સોનલ મહેન્દ્રસિંહ ગોહિલે કબૂલાત કરી હતી કે, છેલ્લા દસ વર્ષથી અહીં તેની સાસુ જશીબેન ગોહિલ દેશી દારૂનો અડ્ડો ચલાવતાં હતાં અને એક વર્ષથી પોતે સાથે તેના કાકી સાસુ કિરણ લાલસિંહ ગોહિલ પણ દેશી દારૂ વેચે છે. પોલીસે મુદ્દામાલ જપ્ત કરી દારૂ - વોશનાં સેમ્પલ તપાસ અર્થે લઈને સ્થળ પર તેનો નાશ કરી ઈન્ફોસિટી પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે સભ્યોની આવન-જાવન વધુ રહી હતી.
- ગાંધીનગર જિલ્લાના દહેગામમાં ૨૪મી ફેબ્રુઆરીએ રોજગાર મેળો યોજાશે.
- રામાયણ સિરીયલના સીતા ફેમ ''દિપીકા ચીખલીયા'એ આજે રાજયપાલશ્રીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.
- કલોલ તાલુકાના બિલેશ્વરપુરા ખાતે ગ્રામ વિકાસમંત્રી અર્જુનસિંહ ચૌહાણે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ઘન કચરા વ્યવસ્થાપનની કામગીરીની સમીક્ષા કરી ગ્રામજનોને આ માટે ડોલ વિતરણ તેમજ પંચાયતને ટ્રોલી અર્પણ કરી હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસો ૫૦ થી પણ નીચે નોંધાતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.
- ગાંધીનગર તાલુકા પંચાયત પ્રમુખ ગોપાળજી ઠાકોરે ગાંધીનગર(ઉ) અને ગાંધીનગર(દ)ના ધારાસભ્યોને પત્ર લખી ગ્રામીણ માર્ગોના મરામતના કામ ઝડપથી હાથ ધરવામાં આવે તેવી માંગ કરી છે.
- તલાટી કમ મંત્રીની ભરતી માટે ઉમેદવારી પત્ર ભરવાની મુદતમાં બે દિવસનો વધારો કરવામાં આવ્યો છે.
- દહેગામના ઈસનપુર ડોડિયા ગામમાં ફેક્ટરીના મજૂરની હત્યાના બનાવનો ભેદ ઉકેલી પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે.
- વેલેન્ટાઈન ડે ની ઉજવણીને લઈ આજે ગાંધીનગરમાં ગુલાબના ફુલોનું વેચાણ વધ્યુ હતુ.
- નાયબ મ્યુનિ. કમિશનર સી.એમ. ત્રિવેદી કોરોનામાંથી રિકવર થતાં તેઓ આજથી ફરજ પર પરત ફર્યા છે.

# શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજની નવી રચાયેલી કારોબારી બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૪

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ તારીખ ૨૩ જાન્યુઆરી ૨૦૨૨ ના રોજ બ્રહ્મ ભવન ગાંધીનગર ખાતે મળેલી સાધારણ સભામાં નવી કારોબારીની રચના કરવામાં અગત્યની બેઠકનું આયોજન કરવામાં આવ્યું. સૌપ્રથમ શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગુજરાતના નવા વરાયેલા મહામંત્રી અનિલભાઈ શુકલએ ગુજરાતના દરેક જિલ્લાના તાલુકાઓ અને સંગઠિત કરવા માટે આહવાન કર્યું દ્વારા પણ મહિલાઓને સંગઠિત થવાની જરૂરિયાત ઉપર ભાર મૂકીને ગુજરાતના તમામ જિલ્લાઓમાં વસતી મહિલાઓએ એક બેનર નીચે આવીને સમાજ ઉત્કર્ષના કાર્ય કરવા માટે ટહેલ નાખી. ત્યારબાદ શ્રી સમસ્ત બ્રહ્મબંધુઓ અને ભગિનીઓને આવકાર્યા હતા અને શુભકામનાઓ પાઠવી હતી. પિનાકીન રાવલે તા. ૨૩ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ પ્રથમ સભામાં જે રચનાત્મક કાર્યો કરવા વચન આપ્યું હતું. તેના સંદર્ભમાં





આવેલ હતી. જે સંદર્ભમાં આજરોજ ગિફટ સિટી પાસે ગાંધીનગર મુકામે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજની નવી રચાયેલી કારોબારીની એક અને દરેક જિલ્લાઓની કામગીરી સંદર્ભે માર્ગદર્શન પૂરું પાડયું. ત્યારબાદ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ મહિલા પાંખના પ્રમુખ શ્રીમતી ધારિણીબેન શુકલા ગુજરાત બ્રહ્મસમાજના નવા વરાયેલા નવ નિયુક્ત પ્રમુખ પિનાકીન રાવલે ઉદબોધન કરેલ હતું. પિનાકીન રાવલે સૌપ્રથમ દરેક જિલ્લાઓમાંથી પધારેલ આજે ઘણી અગત્યની જાહેરાતો સમાજ ઉત્કર્ષને લઈને કરવામાં આવેલ હતી. પિનાકીન રાવલે સૌ પ્રથમ અમદાવાદ ખાતે કાર્યાલય શરૂ કરવાની જાહેરાત કરી હતી.



સેકટર-૨માં સરકારી પ્રાથમિક શાળાના બાળકોને પ્રોત્સાહન મળે તે હેતુથી નિવૃત્ત નાયબ સચિવ મહેશભાઈ શાહ દ્વારા શાળાના તમામ બાળકોને બિસ્કીટ અને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં સહભાગી તરીકે સ્થાનિક અગ્રણી પ્રમોદભાઈ દવે(દવે કાકા)એ સાથે રહીને સમગ્ર આયોજનનું સંચાલન કર્યું હતું તેમજ બાળકોને ઉત્સાહપ્રેરક પ્રવચન આપી કોરોનાથી બચવા માટેના ઉપાયો બાબતે માહિતગાર કર્યા હતા. શાળાના પ્રિન્સીપાલ મિનાક્ષીબેન જોશી તેમજ વર્ગ શિક્ષકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# સે. ૨૫ જીઆઈડીસીમાં જોગણી માતાજીના મંદિરે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના સેકટર-૨૫માં જીઆઈડીસી ખાતે પાઠ્યપુસ્તક ગોડાઉન સામે થઈ શ્રી નિર્મોહી આશ્રમ પાસેના શ્રી જોગણી માતાજીના મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ આગામી તા. ૧૬ અને ૧૭ ફેબ્રુઆરી દરમ્યાન યોજાશે. આ પ્રસંગે જયપુરથી ઉજ્જૈન બેઠકના શ્રીપંચ રામાનંદીય અનિ અખાડાના મહંત પૂજય રામસેવકદાસજી મહારાજ અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહેશે.

નિર્મોહી આશ્રમ ખાતેના શ્રી જોગણી માતાજીના મંદિરે યોજાનાર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં જોગણી માતાજી, શિવ પરિવાર, હનુમાનજી, શનિ મહારાજ સહિતના નવગ્રહ અને ગોગા મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા યોજાશે. યજ્ઞનો પ્રારંભ તા.૧૬મી ફેબ્રુઆરીએ સવારે ૮.૩૮ કલાકે થશે અને તા.૧૭મી ફેબ્રુઆરીએ બપોરે ૧૨.૩૧ કલાકે પ્રાણ પ્રતિષ્ઠા યોજાશે તેમજ સાંજે ૪.૩૦ કલાકે યજ્ઞની પુર્ણાહુતિ થશે ત્યારબાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમના મુખ્ય યજમાન મંજલ ઉર્ફે મનીષ નટવરભાઈ પટેલ છે તેમજ કાર્યક્રમમાં અનેક સંતો મહંતો ઉપસ્થિત રહેશે.

# ભાજપ કલચરલ સેલ દ્વારા 'રેડીયોનો વૈભવ' ટોક-શો યોજાયો

## વિશ્વ રેડીઓ દિવસે નામાંકિત આરજે, દિગ્દર્શકો, સંગીતકારો અને રેડીયો એનાઉન્સર સાથેનો યુનિક ટોક શો યોજાયો : વડાપ્રધાનના 'મનકી બાત'ને સમર્પિત કરાયો

ગાંધીનગર, તા.૧૪

ભારતીય જનતા પાર્ટી કલચરલ સેલ ગુજરાત પ્રદેશ દ્વારા મુખ્ય સંયોજક બિહારી હેમુ ગઢવી, સહ-સંયોજક જનક ઠક્કર અને પ્રદેશ સભ્ય અરવિંદ વેગડાના નેજા હેઠળ યોજિત વિશ્વ રેડીઓ દિવસની ઉજવણી 'રેડીયોનો વૈભવ' ટોક શો દ્વારા કરવામાં આવી હતી. આ ટોક શોમાં સાહિત્યકાર તુષાર શુકલ, અભિનેતા આરજે સ્મિત પંડ્યા અને આરજે મિહિર પાઠક, ગીતકાર વિનય દવે અને સેલના સભ્યો દિપક અંતાણી, વૈભવ દેસાઈ, ચીકિતબેન પટેલ વિગેરેએ હાજર રહી પોતાના પ્રતિભાવો આપ્યા હતા.

તુષાર શુકલએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રેડીયો શો 'મનકી બાત'ની વાત કરી અને રેડીઓના માધ્યમનું મહત્વ ચર્ચ્યુ હતું, વર્ષો પૂર્વેના તત્કાલિન રેડીઓની ઝીણી ઝીણી વાતો કહી તો સ્મિત પંડ્યાએ કોઈ એક કાલ્પનિક પાત્રને કઈ રીતે રેડીઓ દ્વારા શ્રોતાઓ માટે મનોરંજન પીરસવાની સાથે સાથે એ પાત્ર સાંભળનાર લોકોને રૂબરૂ





કનેક્ટ થઈ આવે સાથે બેસીને લાઈવ વાતો કરે એ પ્રકારનું વાતાવરણ ઉભું કરી શકાય અને તેમના કાલ્પનિક પાત્ર કિશોરકાકાની મનોરંજન વિશ્વ પર સારી અસર વિકસે છે એ વિષે ખુબ સુંદર વાતો કરી હતી. સુરતના માય એફ એમના આરજે મિહિર પાઠકે તેમના સુરતી લહેકાથી કઈ રીતે સામાન્યમાં સામાન્ય માણસો સાથે એમની બોલચાલની ભાષા સાથે પોતાને જોડીને મનોરંજન આપી શકાય એ વિષે વાત કરી તો વિનય દવે જેઓ અમદાવાદના જાણીતા ગીતકાર છે તમને જુના ટ્રાન્ઝિસ્ટરના જમાનામાં ક્રિકેટની કોમેન્ટ્રીથી માંડીને રેડીઓના એન્ટેના ગોઠવવામાં શેરીના જાણકાર એક્સપર્ટ વિષે વાતો કરી અને એ રીતે રમુજી ઘટનાઓ રેડીઓ એરા વિષે વાતો વ્યક્ત કરી અને સાથો સાથ દિપક અંતાણી જેઓ વડોદરા આકાશવાણી સાથે જોડાયેલા હતા તેમને તેમના પ્રસંગો યાદ કર્યા અને ભાષા અને રેડીઓ થકી વિવિધ માહિતી સભર કાર્યક્રમોનું મહાત્મ્ય તેમને જણાવ્યું, તો સુરતના દિગ્દર્શક ગીતકાર અભિનેતા વૈભવ દેસાઈએ રેડીઓ નાટકો વિષે એમના અનુભવો વ્યક્ત કર્યા અને સાથે સાથે રેડીઓ આવનારી પેઢીમાં ગુજરાતી ભાષા કઈ રીતે જીવતી રાખી શકે એ માટેની સચોટ વાતો કરી હતી. ગુજરાતી ભાષાશુદ્ધિ માટે રેડીઓ દ્વારા કઈ રીતે લોકજાગૃતતા લાવવામાં મહત્વનો ફાળો ભજવી શકે એ વાત સચોટ રીતે ચર્ચી હતી. જાણીતા અભિનેતા જનકભાઈ ઠક્કરે અને ભાઈ ભાઈ ફેઈમ અરવિંદ વેગડાએ આખા કાર્યક્રમનું સર્જન કર્યું અને તેઓએ પણ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. આ કાર્યક્રમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'મનકી બાત' કાર્યક્રમને સમર્પિત કરીને ટોક શોનું સમાપન કરાયું હતું.

# સે-૨૨ શ્રેયસ સોસાયટી દ્વારા શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૪

શ્રેયસ સોસાયટીના ગાર્ડનમાં પુલવામા હુમલામાં શહીદ થયેલા શહીદોને શ્રધ્ધાંજલિ આપવા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું તથા માતૃ પિતૃ વંદનાનો કાર્યક્રમ રાખ્યો હતો. જેમાં નાના બાળકોએ તેમના માતા પિતાની પૂજા કરી વંદન કર્યા હતા. માતા પિતાનું મહત્વ સમજાવવા માટે વેદાંગી દવે દ્વારા સુંદર સ્પીચ આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન વેદાંગી દવે અને લીલાબેન ચૌધરી દ્વારા સફળ રીતે કરવામાં આવ્યુંહતું. જેમાં સેકટરના વસાહતી ભાઈઓ બહેનો અને નાના બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

# રાંધેજા-બાલવા રોડનું રીસફેંસીંગ કામ ચાલુ હોવાથી ભારે વાહનોની અવર- જવર પર પ્રતિબંધ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના રાંધેજા-બાલવા રોડનું રીસર્ફેસીંગનું કામ હાલ પ્રગતિમાં છે. જે કામ પ્રગતિમાં હોવાથી આ માર્ગ પર ચાર પૈડાના વાહનો અને સરકારી બસ સિવાયના તમામ મોટા ભારે વાહનો પર પ્રતિબંધ મૂકવા અંગેનું જાહેરનામું અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

આ જાહેરનામામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગરે જણાવ્યું છે કે ગાંધીનગર રાંધેજા-બાલવા રોડનું રેસર્ફેસીંગનું કામ પ્રગતિ હેઠળ છે. જે કામ અન્વયે રાંધેજાથી બાલવા તરફ ત્રણ લેયરમાં કામગીરી સામેલ કરવામાં આવી છે. આ કામગીરી ખૂબ ઝડપી, ગુણવત્તાસભર અને સમય મર્યાદામાં પૂર્ણ કરવા માટે ચાર પૈડાના વાહનો અને સરકારી બસ સિવાયના તમામ મોટા ભારે વાહનોની આવનજવાન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જેથી ટ્રાફિક નિયમન, પાર્કિંગ વ્યવસ્થા તથા કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારું જાહેરહિતમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ)થી મળેલ સત્તાની રૂએ જાહેરનામાંની તારીખથી બે માસ સુધી એક તરફી માર્ગ પર વાહનોની અવર જવર થશે. તેમજ ભારે વાહનોને વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવામાં આવશે.

આ માર્ગથી આગળ જવા માંગતા ભારે વાહનોએ રાંધેજા ચોકડીથી રાંધેજા- રૂપાલ-નારદીપુર સુધી ડાયવર્ટ કરવામાં આવશે. તેમજ રાંધેજા - બાલવા જતા વાહનો રાંધેજા ચોકડીથી પેથાપુર ચોકડી-પીંપળજ-પીંડારડા-મુબારકપુરા-બાલવા તરફ ડાયવર્ટ કરવામાં આવશે. ધેધું ચોકડીથી નારદીપુર થઈ આવતા વાહનોને તેરસાપરા ચોકડી તરફ ડાયવર્ટ કરવામાં આવશે. તેમજ મહેસાણા-ગોઝારિયા તરફથી આવતા વાહનોને ધેધું ચોકડી ખાતેથી કલોલ તરફ ડાયવર્જન આપી સોજા-ગોલથરા-નારદીપુર તરફ ડાયવર્ટ કરવામાં આવશે. માણસા તરફથી આવતા વાહનોને બાલવા ચોકડી ખાતે ડાયવર્ટ કરવામાં આવશે.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સામે અધિનિયમ કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે અને આ જાહેરનામાની પ્રસિધ્ધ તારીખ ૯ ફેબ્રુઆરી, ૨૦૨૨ થી બે માસ સુધી અમલમાં રહેશે, તેવું પણ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટે જાહેરનામાં જણાવ્યું છે.